Extra No. 265

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVI] FRIDAY, AUGUST 1, 2025 / SRAVANA 10, 1947

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

વાંચ્યો :- પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી, હિંમતનગરના તા. ૦૮/૦૭/૨૦૨૫ના પત્ર નં. શાસન/ બિનધિકૃત/કાર્યવાહી/ઓન/ RTOHMT/0015/07/2025.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ સને-૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૪) હેઠળનું

નં.પી.ઓ.એલ./૨વશી.આર.ટી.ઓકચેરી/એજન્ટ પ્રતિબંધ/જા.નામુ/વશી/૧૦૩૬/૨૦૨૫.- સાબરકાંઠા જિલ્લાની પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની કચેરી (આર.ટી.ઓ.કચેરી) મોજે.સવગઢ, તા.હિંમતનગર ખાતે આવેલ છે. સદરહું કચેરીમાં દરરોજ મોટા પ્રમાણમાં નાગરીકો, અરજદારો અલગ અલગ કામ માટે જેવા કે વાહનોના લાયસન્સ સબંધિત કામગીરી, વાહનની નોંધણી, નોંધણી બાદની કાર્યવાહી,ટેક્ષ ભરવાની કાર્યાવાહી, પરમીટ સબંધિત કામગીરી માટે આવતા હોય છે. આર.ટી.ઓ કચેરીઓમાં તા.૦૧/૦૭/૧૯૮૯થી કાયદેસર એજન્ટ પ્રથા નથી આમ છતાય ઘણીવાર અરજદારો/નાગરીકોને ગેરમાર્ગે દોરીને વચેટીયા તરીકે કામ કરી આપવાનું જણાવી કેટલાક અન-અધિકૃત ઈસમો/વ્યકિતઓ ધ્વારા કચેરીની અંદર પ્રવેશ કરી કચેરીમાં કામગીરી અર્થે આવતા અરજદારો / નાગરીકોને ઉલટી-સીધી વાતો કરી ભોળવીને/લલચાવીને તેમજ મોટરીંગ પબ્લીકને ગેરમાર્ગે દોરીને સરકારશ્રીની નિ:શુલ્ક સેવાઓ કે નિયત દરની મોટરીંગ સેવાઓ ઉપરાંતનો વધારાનો ચાર્જ ગેરકાયદેસર રીતે વસુલવામાં આવતું હોવાનું તથા જાહેર જનતાના પૈસા લઈ ભાગી જતા હોવાનું તથા છેતરપીંડી કરતા હોવાનું ધ્યાન પર આવેલ હોઈ વંચાણે લીધેલ આમુખથી પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી, સાબરકાંઠા-હિંમતનગર ધ્વારા જરૂરી જાહેરનામુ પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત સાદર કરેલ છે.

જેથી આવી પ્રવૃત્તિ અટકાવવા સારૂ તેમજ મોટરીંગ પબ્લીકનુ કામ સરળ અને નિયમોનુસાર ઝડપી થાય અને મોટરીંગ પબ્લીક લેભાગુ તત્વોથી છેતરાય નહી અને બિનઅધિકૃત વ્યકિતઓને કચેરીમાં અડચણરૂપ ન બને તો કર્મચારી / અધિકારીઓ સ્વસ્થ ચિત્તે, ભયની લાગણી વગર ધારા ધોરણ મુજબની કામગીરી તટસ્થતાપૂર્વક નિભાવી શકે અને સારા વાતાવરણમાં કાર્ય કરી શકે તે માટે અનઅધિકૃત વ્યકિત અથવા વ્યક્તિઓની ટોળીને પ્રવેશતા અટકાવવા, ઉભા રહેવા તથા ઉપર દર્શાવેલ મુજબની ગેરકાયદેસર પ્રવૃત્તિઓ કરવા અટકાવવા તથા આવી પ્રવૃત્તિઓ ઉપર પ્રતિબંધ મુકવો જાહેર જનતાના હિતમાં જરૂરી જણાય છે.

વાસ્તે, હું લલિત નારાયણ સિંઘ સાંદુ,(આઈ.એ.એસ.), કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો સને ૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૭(૪)થી મને મળેલ અધિકારની રૂએ નીચે ગુજબ હુકમ ફરમાવું છુ.

“જાહેરનામાનો પ્રતિબંધિત વિસ્તાર અને પ્રવૃતિ”

મોજે.સવગઢ, તા.હિમતનગર ખાતે આવેલ પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી(આર.ટી.ઓ કચેરી)ના મકાન સહિત સમગ્ર કમ્પાઉન્ડ વિસ્તારમાં, આ કચેરીમાં કામ કરતા સરકારી અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓ, પોતાના સરકારી કામ માટે આવેલ હોય અથવા વ્યાજબી કામ સબબ આવેલા હોય તેવા અરજદારો/નાગરિકો સિવાયના અનઅધિકૃત વ્યકિત અથવા વ્યક્તિઓની ટોળીને પ્રવેશતા અટકાવવા, ઉભા રહેવા તથા ઉપર દર્શાવેલ મુજબની ગેરકાયદેસર પ્રવૃત્તિઓ કરવા અટકાવવા તથા આવી પ્રવૃત્તિઓ કરવા ઉપર

“જાહેરનામાનો પ્રતિબંધિત સમયગાળો”

આ હુકમ તા.૧૬/૦૭/૨૦૨૫ થી તા.૧૩/૦૯/૨૦૨૫ સુધી (બંને દિવસો સહિત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે.

“ જાહેરનામાનો ભંગ કરતાં દંડની જોગવાઈ “

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ગુજરાત પોલીસ અધિનિયમ સને-૧૯૫૧ની કલમ-૧૩૫ હેઠળ સજા/ દંડને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સાબરકાંઠા જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સ્પેક્ટર કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૧૬મી જુલાઈ-૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી આપ્યો.

લલિત નારાયણ સિંઘ સાંદુ,
કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ
સાબરકાંઠા, હિંમતનગર

Signature Not Verified
Signed by:MAHENDRA DHARKAR
Date: 2025.08.29 18:40:04 +05:30
Reason: Validate Document
Location: Government Press & Stationery, Vadodara